### વિશ્વમાં ભારતનું વધ્યું કદ

# ૮૦ ટકા ભારતીયોને નરેન્દ્ર મોદી ઉપર હજુ વિશ્વાસ

નવી દિલ્હી, તા.૩૦

પીએમ નરેન્દ્ર મોદી આવતા વર્ષે વડાપ્રધાન તરીકે તેમનો બીજો કાર્યકાળ પૂર્ણ કરવા જઈ રહ્યા છે. સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકોનો વિશ્વાસ પીએમ પ્રત્યે હજુ પણ એવો ને એવો જ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિદેશોમાં પણ ભારતનું કદ વધ્યું છે.

દેશમાં આવતા વર્ષે લોકસભાની ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં, દરેક વ્યક્તિ જાણવા માંગે છે કે કેન્દ્રમાં બે ટર્મથી સત્તા પર રહેલી પીએમ નરેન્દ્ર મોદીની સરકાર પ્રત્યે દેશના લોકોનું વલણ શું છે. પ્યુઝ રિસર્ચ સેન્ટરના સર્વે મુજબ પીએમ મોદી આવતા વર્ષે ફરી લોકસભા ચૂંટણી જીતવાના છે. ૧૦માંથી ૮ ભારતીયોને હજુ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં વિશ્વાસ છે. લોકો માને છે કે વિશ્વમાં ભારતનું કદ છેલ્લા કેટલાક વર્ષોથી વધ્યું છે.

ભારતમાં આયોજિત થનારી ૪૨૦ કોન્ફરન્સના એક અઠવાડિયા કરતાં થોડો સમય પહેલાં મંગળવારે આ અહેવાલ

**સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકોનો વિશ્વાસ પીએમ મોદી પ્રત્યે હજુ પણ એવો ને એવો જ છે**

બહાર પાડવામાં આવ્યો હતો. વિશ્વના કુલ ૨૩ દેશોમાં ૩૦,૮૬૧ લોકો પર કરવામાં આવેલા આ સર્વે દરમિયાન ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૩ થી ૨૨ મે ૨૦૨૩ વચ્ચે ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન, ૬૮ ટકા ભારતીય પુખ્ત વયના લોકો માને છે કે વિશ્વમાં ભારતનો પ્રભાવ વધ્યો છે. ૫૫ ટકા લોકોની વિચારસરણી પીએમ મોદી માટે અનુકૂળ છે. તેઓ આવતા વર્ષે સામાન્ય ચૂંટણી દરમિયાન પીએમ મોદીને ફરીથી દેશની સત્તા સંભાળતા જોવા માંગે છે.

દસમાંથી લગભગ સાત ભારતીયોએ કહ્યું કે તાજેતરના વર્ષોમાં વિશ્વમાં દેશનો પ્રભાવ વધુ મજબૂત થઈ રહ્યો છે, જ્યારે પાંચમાથી ઓછા લોકો માને છે કે તે નબળો પડી રહ્યો છે. અમેરિકા ઉપરાંત કેનેડા, ઈટાલી, જર્મની, યુકે, ઓસ્ટ્રેલિયા, જાપાન અને ઈન્ડોનેશિયા વગેરે ૨૩ દેશોમાં આ સર્વે કરવામાં આવ્યો છે. અહીં ૨૮ ટકા લોકો માને છે કે વિશ્વમાં ભારતનું કદ હવે વધી ગયું છે. આ ૨૩માંથી ૧૨ દેશોના ૩૨ ટકા લોકો એવું પણ માને છે કે વડાપ્રધાન મોદી વૈશ્વિક સ્તરે યોગ્ય નિર્ણયો લે છે.



બિહારમાં રોહતાસ જિલ્લાના સાસારામમાં આજે સવારે પુરપાટ ઝડપે જઈ રહેલી સ્કોર્પિયો હાઈવે પર ઉભેલા ક્રટેનર સાથે અથડાતા સર્જાયેલા ભીષણ માર્ગ અકસ્માતમાં સ્કોર્પિયોમાં પ્રવાસ કરી રહેલ ચાર બાળકો સહિત સાત લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા ઘાયલ થયેલા અન્ય ચાર લોકોને સાસારામની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### દિલ્હીમાં જી-૨૦ સમિટને લઈ પ્રતિબંધો અનિવાર્ય છતાં

# લોકોને ઓછી અસુવિધા થાય એવા પ્રયત્નો કરવામાં આવશે

નવી દિલ્હી, તા. ૩૦

પ્રધાનમંત્રીના અગ્રસચીવ ડૉ. પી. કે. મિશ્રાએ ૩૦ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ જી-૨૦ સંકલન સમિતિની ૯મી બેઠકની અધ્યક્ષતા કરી હતી. અગ્ર સચિવે જી-૨૦ નવી દિલ્હી લીડર્સ સમિટ માટેની વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. જેમાં લોજિસ્ટિક, પ્રોટોકોલ, સુરક્ષા અને મીડિયા સંબંધિત વ્યવસ્થાઓ સામેલ છે. આ બેઠકમાં જી૨૦ સચિવાલય અને વિદેશ મંત્રાલય ગૃહ, સંસ્કૃતિ, સૂચના અને પ્રસારણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને ટેલિકોમ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

લોસ્ટિક્સ બાજુએ ડ્રિલ યોજવામાં આવી રહી છે અને આગામી દિવસોમાં ડ્રેસ રિહર્સલનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય સચિવને સંબંધિત અધિકારીઓ દ્વારા સુરક્ષા પાસાઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. લોકો માટે ટ્રાફિક એડવાઈઝરી જારી કરવામાં આવી છે. અગ્ર

**વડાપ્રધાનના અગ્રસચિવે જી-૨૦ સંકલન સમિતિની બેઠકમાં સમિટ માટેની વ્યવસ્થાની સમીક્ષા કરી**

સચિવે ભારપૂર્વક જણાવ્યું હતું કે સુરક્ષા અને પ્રોટોકોલના કારણોસર પ્રતિબંધો મૂકવામાં આવી રહ્યા છે. તેમ છતાં એવા પ્રયત્નો કરવા જોઈએ કે જેથી લોકોને ઓછામાં ઓછી અસુવિધા થાય. તેમણે નિર્દેશ આપ્યો કે શહેરમાં આવશ્યક સેવાઓને અસર ન થવી જોઈએ તંદુપરાંત, ટ્રાફિક નિયંત્રણો સંબંધિત સંદેશાવ્યવહારને વધુ વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ બનાવવામાં આવશે.

નોંધ્યુ હતું કે ભારત મંડપમ ખાતે જમીન પર અને સ્થળ પરનું કામ સંતોષકારક રીતે આગળ વધી રહ્યું છે. એક વિશિષ્ટ ભારતીય અનુભવ માટે ભારત મંડપમમાં સંસ્કૃતિ અને લોકતંત્રની માતા પર પ્રદર્શનોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

પ્રથમ વખત જી-૨૦ માટે જી-૨૦ ઈન્ડિયા નામની મોબાઈલ એપ બનાવવામાં આવી છે, જે હવે એન્ડ્રોઈડ અને આઈઓએસ બંને પર ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ છે. જી-૨૦ પ્રતિનિધિઓ અને મીડિયાના સભ્યો ભારત મંડપમ ખાતે સ્થાપિત થઈ રહેલા ઈનોવેશન હબ અને ડિજિટલ ઈન્ડિયા એક્સપેરિમેન્ટલ હબ મારફતે ડિજિટલ ઈન્ડિયાને પ્રત્યક્ષપણે નિહાળશે.

### ઈન્ટરનેશનલ કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ બાદ

# રશિયાના રાષ્ટ્રપતિ પુતિનનો પ્રથમ વિદેશ પ્રવાસઃ ઓકટોબરમાં ચીન જશે

મોસ્કો, તા. ૩૦

ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ દ્વારા કથિત યુદ્ધ અપરાધો (યુક્રેનમાં) માટે તેમની ધરપકડ માટેનું વોરંટ જારી કરવામાં આવ્યું ત્યારબાદ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પહેલીવાર વિદેશ પ્રવાસે જવા માટે સહમત થયા છે. તેઓ ઓક્ટોબરમાં ચીનના પ્રવાસે જશે. બ્લૂમબર્ગના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે પુતિન આ વર્ષના અંતમાં બેલ્ટ એન્ડ રોડ ફોરમ માટે ચીનમાં પગ મૂકશે.

બ્લૂમબર્ગના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, રશિયાના રાષ્ટ્રપતિએ કોન્ક્લેવમાં હાજરી આપવા માટે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના આમંત્રણને સ્વીકાર્યા પછી ક્રેમલિન પુતિનની ચીન મુલાકાતની તૈયારી કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, હેગની અદાલતે વોરંટ જાહેર કર્યું ત્યારથી પુતિને રશિયન આંતરરાષ્ટ્રીય સરહદો ઓળંગી નથી. ઓગસ્ટમાં, પુતિને દક્ષિણ આફ્રિકામાં બ્રિક્સ સમિટમાં જવાનું પણ ટાળ્યું હતું. તેનું કારણ કે એ હતું કે, કોપનહેગનની સ્થાનિક સરકારે જણાવ્યું હતું કે તે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં સહી કરનાર તરીકે તેની ધરપકડ કરવાના ICC આદેશનું પાલન કરશે. પુતિન સપ્ટેમ્બરમાં નવી દિલ્હીમાં આગામી G20 સમિટમાંથી પણ સામેલ થશે નહીં.

### જાપાન-ચીન વચ્ચેની તકરાર વધુ ગંભીર બની

# ચીનમાં જાપાની દૂતાવાસ-સ્કૂલો ઉપર પથ્થરમારો

બિજિંગ, તા.૩૦

જાપાન અને ચીન વચ્ચેની તકરાર દિવસને દિવસે વધારે ગંભીર બની રહી છે. જાપાન અને ચીન વચ્ચેની દુશ્મની દાયકાઓ જૂની છે. તેમા પણ જાપાને પોતાના ફુકુશીમા રિએક્ટરમાંથી રેડિઓએક્ટિવ પદાર્થોવાળુ ઝેરી પાણી દરિયામાં છોડ્યા બાદ ચીન વધારે અકળાયુ છે.

ચીન તરફથી જાપાનના પાણી છોડવા સામે વિરોધ નોંધાવાયો હતો. જાપાનને ચીનમાંથી ધમકી આપતા કોલ્સ પણ મળ્યા હતા . જોકે ૨૪ ઓગસ્ટથી જાપાને પાણી છોડવાનુ શરુ કરી દીધુ છે. જેના પ્રત્યાઘાત રૂપે ચીનમાં મોજૂદ જાપાનના દૂતાવાસ તેમજ સ્કૂલો પર હુમલા થયા છે. પથ્થરો ફેંકવાની ઘટના પણ બની છે અને તેની સામે જાપાનના પીએમ ફુમિયો કિશિદાએ નારાજગી વ્યક્ત કરી છે.

તેમણે કહ્યુ છે કે, ચીનમાં અમારા દૂતાવાસ તેમજ સ્કૂલો પર પથ્થરો ફેંકવામાં આવ્યા છે. હું આ પ્રકારના હુમલાની નિંદા કરુ છું. અમે ચીનના જાપાન સ્થિત રાજદૂતને તલબ કર્યા છે. ચીન પોતાના નાગરિકોને શાંતિ જાળવી રાખવા માટે અપીલ કરે.

બીજી તરફ જાપાનના ચીન સ્થિત દૂતાવાસની સુરક્ષા આ ઘટના બાદ વધારી દેવામાં આવી છે. જાપાને ચીનમાં રહેતા પોતાના નાગરિકોને સતર્ક રહેવા

**જાપાને પોતાના ફુકુશીમા રિએક્ટરમાંથી રેડિઓએક્ટિવ પદાર્થોવાળુ ઝેરી પાણી દરિયામાં છોડ્યા બાદ ચીન અકળાયું**

માટે અને જાહેરમાં જાપાની ભાષાનો ઉપયોગ નહીં કરવા માટે પણ સલાહ આપી છે.

જાપાને ચીનને ટકોર કરી છે કે, ફુકુશિમા રિએકટરમાંથી રેડિયોએક્ટિવ પાણી છોડવા અંગે ચીન પોતાના નાગરિકોને યોગ્ય જાણકારી આપી રહ્યુ નથી. તેના કારણે ચીનના નાગરિકો ગેરમાર્ગે દોરવાઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, આ એ જ ફુકુશિમા રિએકટર છે જેના પ્લાન્ટમાં ૨૦૧૧માં જાપાનમાં આવેલી સુનામી વખતે વિસ્ફોટ થયો હતો અને એ પછી તેમાં ૧૩૩ કરોડ લિટર રેડિઓએક્ટિવ પાણી જમા છે. જેને યુએનની સંમતિથી હવે જાપાને તબક્કાવાર દરિયામાં છોડવાનુ શરૂ કર્યુ છે.

# યુપીના બાંદામાં નદીમાં પાંચ બાળકો ડૂબ્યાઃ ચારના મોત

બાંદા, તા. ૩૦

ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લાના પલાની વિસ્તારમાં પાંચ બાળકો નદીમાં ડૂબી ગયા હતા. જેમાં ચારના મોત થયા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તરવૈયાઓની મદદથી બાળકોની શોધખોળ હાથ ધરી હતી. પરિજનોને જાણ થતાં જ હાહાકાર મચી ગયો હતો. અપર પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ લક્ષ્મી નિવાસ મિશ્રાએ જણાવ્યું કે, બુધવારે સવારે લગભગ ૯ વાગે થાણા પૈલાની હેઠળના ગુરગાવા માજરા સિંધન પુરવા ગામમાં ૫ બાળકો નદીમાં ડૂબી ગયા હોવાની માહિતી મળી હતી.

પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને બાળકોને બચાવવા પ્રયાસ કર્યો હતો. તેમને નજીકના સીએચસીમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. એક બાળક હજુ પણ ગુમ છે. જેની શોધખોળ ચાલી રહી છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે આ ઘટના બાંદાના પૈલાની પોલીસ સ્ટેશન હેઠળના સિંધનકાલા ગામના ગુરગવા મજરામાં બની હતી.

માહિતી અનુસાર ડૂબતી વખતે તમામ બાળકો અચાનક ઊંડા પાણીમાં ઉતરી ગયા હતા. જે બાદ તેઓ એક પછી એક ડૂબવા લાગ્યા. જ્યારે નજીકમાં ઉભેલા લોકોએ બાળકોને ડૂબતા જોયા ત્યારે તેઓએ બૂમાબૂમ કરી હતી. જે બાદ બાળકોની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

### બિહારના રોહતાસના શિવસાગરમાં મોટો અકસ્માત

# સ્કોર્પિયો ટ્રક સાથે ટકરાતાં સાતનાં ઘટના સ્થળે મોત

રોહતાસ, તા.૩૦

બિહારના રોહતાસ જિલ્લાના શિવસાગરમાં હાઈવે પર એક મોટો રોડ અકસ્માત થયો છે. આ અકસ્માતમાં સ્કોર્પિયો ગાડીમાં સવાર સાત લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. તમામ મૃતકો કૈમુરના કુડારી ગામના રહેવાસી હોવાનું કહેવાય છે. આ ઘટનામાં ચાર લોકોને ગંભીર ઈજા થઇ છે.

મળતી માહિતી મુજબ, તમામ લોકો ઝારખંડના રાંચીથી પોતાના ગામ પરત ફરી રહ્યા હતા, ત્યારે રસ્તામાં વાહનનો ડ્રાઈવરને ઝોકું આવી ગયું હતું. અને હાઈવે પર પાર્ક કરેલી ટ્રકમાં પાછળથી સીધી સ્કોર્પિયો અથડાઈ હતી. આ કારમાં કુલ ૧૨ લોકો સવાર હતા. સુદેશ્વર શર્માનાં પત્ની રાજમુની દેવી (૫૦), પુત્રી પ્રેમલતા (૩૫) અને પુત્ર રવિનંદનકુમાર (૩૦)નું અવસાન થયું છે. તે જ સમયે, આદિત્ય કુમારના ૧૨ વર્ષના પિતા અરવિંદ શર્માનું પણ અવસાન થયું છે. આ અકસ્માતમાં ૧૬ વર્ષના કિશોર અને ૫ વર્ષના બાળકનું પણ મોત થયું છે. સુદ્ધેશ્વર શર્મા ગંભીર રીતે ઘાયલ છે. અકસ્માતમાં એક જ પરિવારના સાત લોકોના મોત નિપજતાં પરિવાર ગામમાં શોકની લાગણી ફેલાઇ છે.

# મધ્યપ્રદેશમાં ફેકટરીમાં ગેસ લીકેજ થતાં પાંચ શ્રમિકોના થયા મોત

મોરેના, તા. ૩૦

મધ્ય પ્રદેશના મોરેનામાં ઝેરી ગેસ શ્વાસમાં જવાને કારણે પાંચ શ્રમિકોના મૃત્યું નીપજ્યા છે. ફૂડ ફેક્ટરીમાં ઝેરી ગેસ ટેકમાંથી નીકળતા આ ઘટના બની હોવાનું રીપોર્ટમાંથી જાણવા મળ્યું છે. મોરેના જિલ્લામાં બુધવારે આ

**મોરેના જિલ્લામાં એક ફુડ ફેકટરીમાં ટાંકો સાફ કરવા ઉતરેલા શ્રમિકો ઝેરી ગેસનો ભોગ બન્યા**

ઘટનાના વાવડ મળતા યુદ્ધના ધોરણે રેસક્યૂ ઑપરેશન ચાલું કરી દેવામાં આવ્યું હતું. સાક્ષી ફૂડ પ્રોડક્ટ નામની એક ફેક્ટરીમાં આ બનાવ બન્યો હતો. જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ તથા ફાયર વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. ગેસની તીવ્રતા એટલી હતી કે, બચાવાકાર્ય માટે આવેલા ફાયર જવાનોએ પણ માસ્ક પહેરવા પડ્યા હતા.

પાંચ શ્રમિકોના મૃત્યું થતા એમના મૃતદેહને પોસ્ટમોર્ટમ હેતું ખસેડાયા હતા. સવારે ૧૧ વાગ્યે ગેસ લીક થવાનું શરૂ થઈ ગયું હતું. આ અંગે વિગત મળતા બે શ્રમિકો ગેસટેકના એરિયામાં તપાસ કરવા માટે ગયા હતા. જ્યારે અન્ય ટાંકો સાફ કરવા ઊતર્યા હતા. વહીવટી અધિકારી ભૂપેન્દ્રસિંહ કુશવાહે જણાવ્યું હતું કે, શ્વાસમાં ગેસ જવાને કારણે શ્રમિકોનું મૃત્યું થયું હતું. એ પછી ત્રણ બીજા શ્રમિકોને માઠી અસર થઈ ગઈ હતી. યુદ્ધના ધોરણે આ શ્રમિકોને સારવાર હેતું લઈ જવામાં આવ્યા હતા. પણ એ પહેલા એમના શ્વાસ બંધ થઈ ગયા હતા. મધ્ય પ્રદેશના ગ્વાલિયરથી મોરેના જિલ્લો ૩૯ કિમી દૂર છે. સુરક્ષાને ધ્યાને લઈને ફેક્ટરીને ખાલી કરાવી દેવાઈ છે.

રીપોર્ટ એવા પણ મળી રહ્યા છે કે, બે શ્રમિકો ટાંકો સાફ કરવા માટે ઊતર્યા હતા. ટાંકામાંથી ઝેરી ગેસ લીક થવાને કારણે શ્રમિકોના મોત નીપજ્યા છે. પાંચેય શ્રમિકો ટાંકાની અંદર મૃત્યું પામ્યા હતા.વાવડ મળતા જ મધ્ય પ્રદેશ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે એક ટીમ તૈયાર કરીને સમગ્ર ફેક્ટરીમાં તપાસ શરૂ કરી દીધી છે. વહીવટી અધિકારીએ જણાવ્યું હતું કે, આ અંગેની તપાસ ચાલું છે. ફેક્ટરીની તપાસ કરવામાં આવી રહી છે.

# આફ્રિકન દેશ ગેબોતમાં લશ્કરનો બળવો, સતા કબજે કરી લીધી

લિબ્રેવિલે, તા. ૩૦

આફ્રિકાના વધુ એક દેશમાં સત્તાપલટો આવ્યો છે. મધ્ય આફ્રિકી દેશ ગૈબોનની સેનાએ અધિકારીઓનો એક દળ નેશનલ ટીવી ચેનલ પર સામે આવ્યો છે અને તેમણે સત્તા પર કબજે કરવાનો દાવો કર્યો છે. આ સૈન્ય અધિકારીઓએ સત્તાપલટાની જાહેરાત એવા સમયે કરી છે જ્યારે થોડી મિનિટ પહેલા જ દેશના ચૂંટણી પંચે રાષ્ટ્રપતિ અલી બોંગોને સતત ત્રીજી વખત ચૂંટણીમાં વિજય જાહેર કર્યા હતા. બળવો કરનાર સૈન્ય અધિકારીઓએ દાવો કર્યો કે ચૂંટણી પરિણામ સંપૂર્ણપણે ફેક છે.

ગૈબન ૨૪ ચેનલ પર આવેલા સૈન્ય અધિકારીઓએ કહ્યું કે- તે તમામ ડિફેન્સ ફોર્સીસનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં છે. તેમણે કહ્યું કે- ચૂંટણી પરિણામને રદ કરી દેવાયા છે. આગામી આદેશ સુધી દેશની તમામ સરહદો બંધ કરી દેવાઈ છે અને તમામ સરકારી સંસ્થાઓને ભંગ કરી દેવાઈ છે. સેનાના કબજા છી દેશની રાજધાની લિબ્રેવિલેમાં જોરદાર ફાયરિંગના સમાચાર સામે આવી રહ્યાં છે.

હજુ તે જાણકારી સામે નથી આવી કે રાષ્ટ્રપતિ બોંગો કયાં છે. તેઓ શનિવારે વોટ આપતા જોવા મળ્યા હતા. દેશની સરકાર, સેનેટ, રાષ્ટ્રીય એસેમ્બલી કોર્ટ અને ચૂંટણી પંચને ભંગ કરી દેવાયા છે.


**નામ બદલેલ છે**

**મારી પુત્રીનુ જુનું નામ સોલંકી ચાર્મી મહેન્દ્રભાઈ થી બદલીને નવું નામ પાલીયાવાલા ચાર્મી મહેન્દ્ર કરેલ છે.**

**સરનામું : વણકર વાસ, પાલૈયા, ગાંધીનગર-૩૮૨૩૦૫**


### ગ્રામીણ વિસ્તારોમાં ઘટી શકે છે માંગઃ રિપોર્ટ

# ચોમાસામાં ઓછા વરસાદના કારણે વધી શકે છે મોંઘવારી

નવી દિલ્હી, તા.૩૦

આ ચોમાસાની સીઝનમાં ઓછા વરસાદને કારણે ખરીફ પાકની વાવણીને અસર થવાની સંભાવના છે. તેથી તેના કારણે ખાદ્યપદાર્થોની મોંઘવારી વધવાની સંભાવના છે. ઓછો વરસાદ અને ખાદ્ય મોંઘવારી વધવાની અસર ગ્રામીણ અર્થતંત્ર પર પડી શકે છે. કેર રેટિંગ્સે પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે કોરોના મહામારી બાદ સરકારી સબસિડીમાં ઘટાડાની અસર ગ્રામીણ વિસ્તારોમાં માંગ પર જોવા મળી શકે છે, જેના કારણે ગ્રામીણ વિસ્તારોમાં લોકોની આવક ઘટી શકે છે. કેર રેટિંગ્સે અનિયમિત ચોમાસું, ખાદ્યપદાર્થોના ભાવ અને ગ્રામીણ માંગના શીર્ષક સાથે રિપોર્ટ બહાર પાડ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ચોમાસામાં વધઘટના કારણે દેશી ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો થવાની સંભાવના છે. વૈશ્વિક પરિસ્થિતિ મોંઘવારીની આગમાં બળતણનું કામ કરી શકે

**નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના બીજા ક્વાર્ટરમાં ખાદ્ય ફુગાવો સરેરાશ ૯.૪ ટકા સુધી રહેવાની ધારણા છે**

છે. કેર રેટિંગ્સના રિપોર્ટ અનુસાર આગામી મહિનાઓમાં ખાદ્યપદાર્થોનો ફુગાવો વધતો રહેશે. સાથે જ ઓકટોબર બાદ નવો પાક બજારમાં આવ્યા બાદ જ રાહત મળવાની સંભાવના છે. રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના બીજા ક્વાર્ટરમાં ખાદ્ય ફુગાવો સરેરાશ ૯.૪ ટકા સુધી રહેવાની ધારણા છે. તે ત્રીજા ક્વાર્ટરમાં ઘટીને ૬.૯ ટકા પર આવી શકે છે. ચોથા ક્વાર્ટરમાં ખાદ્ય ફુગાવો ૫.૯ ટકા રહેવાનો અંદાજ છે. રિપોર્ટ અનુસાર, દક્ષિણ એશિયાના દેશોમાં હવામાન સંબંધિત વિક્ષેપો અને વૈશ્વિક વિકાસને કારણે ખાદ્ય ફુગાવો સતત વધશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ખરીફ પાકની વાવણી ઓગસ્ટમાં સમાપ્ત થઈ જશે અને હવે તેમાં સુધારાને બહુ ઓછો અવકાશ છે. કેર રેટિંગ્સ અનુસાર, કઠોળ અને અનાજનો ફુગાવાનો દર ડબલ ડિજિટમાં ગયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે ઓછા વરસાદને કારણે જળાશયોમાં પાણીનું સ્તર નીચું રહી શકે છે,


OMKARA ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

**ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**

CIN:U67100TZ2014PTC020363 કોર્પોરેટ ઓફિસઃ કોહિનૂર સ્કવેર, ન.ચિ.કેળકર માર્ગ, રા.ગ.ગડકરી ચૉક, દાદર (પશ્ચિમ) મુંબઈ- ૪૦૦૦૨૮

ઈમેઈલ: rajesh.jumani@omkaraarc.com/ kshitij.kanulkar@omkaraarc.com

ટેલિ: ૦૨૨-૨૬૫૪૪૦૦૦ ઑથોરાઈઝ્ડ ઓફિસર મો.નં. +૯૧૯૮૮૪૦૬૨૦૬૮/+૯૧૮૬૫૭૯૬૯૨૩૧

(એપેન્ડિક્સ IV-A)

((જુઓ નિયમ ૮(૬) સાથે નિયમ ૯(૧) વંચાણે લેતા જોગવાઈ)

**સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી માટે જાહેર નોટિસ**

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨(સરફૈસી કાયદો)ને ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ને નિયમમ ૯(૧) ની જોગવાઈઓ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ.

આથી જાહેર જનતાને અને ખાસ તો નીચે જણાવેલ દેણદાર અને જામીનદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગિરવે/ચાર્જમાં રાખવામાં આવેલ છે જેનો કબજો ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રા.લિ.ના અધિકૃત અધિકારીએ લીધો હતો. વધુમાં ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ(ઓએઆરપીએલ)(ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે)એ ૨૫.૦૬.૨૦૨૧ ના એસાઈનમેન્ટથી ઈન્ડસઈન્ડ બેંક લિ. (એસાઈનર બેંક)પાસેથી એસાઈનર બેંક પાસે રહેલ અન્ડરલાઈંગ સિક્યોરિટી સાથે નીચેના ખાતાઓમાં બાકી રહેલ દેવું સંપાદિત કર્યું છે. એ મુજબ ઓએઆરપીએલએ એસાઈનર બેંકના પેંગડામાં પગ મૂક્યો છે અને બાકી લેણું વસૂલવા અને સિક્યોરિટી જપ્ત કરવાની સત્તા ધરાવે છે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ સિક્યોર્ડ મિલકતનો દેણદાર /ગિરવેદાર/ સહ-દેણદાર પાસેથી હસ્તાંતરિત કરાયેલ ફિઝિકલ કબજો લીધો છે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારી અત્રે નીચે જણાવેલ સિક્યોર્ડ મિલકતોને બાકી દેણું વસૂલવા માટે વેચવા ઈચ્છે છે અને આથી સિક્યોર્ડ મિલકતો ખરીદવા માટે બંધ કવરમાં ટેન્ડર્સ /બીડ્સ મંગાવે છે. સિક્યોર્ડ અસ્ક્યામતોનું સરફૈસી કાયદાના ૧૩ (૨) અને (૪) હેઠળના અધિકાર અને સત્તાની કવાયતથી, ‘ જેમ છે જ્યાં છે’, ‘જે છે તે છે’ અને ‘જે કાંઈ છે તે છે તથા કોઈના આશ્રય વિના’ના આધારે સંબંધિત દેણદાર અને સહદેણદાર(રો) પાસેથી ઓએઆરપીએલને સિક્યોર્ડ ક્રેડિટર તરીકે વસૂલ કરવાની ઓએઆરપીએલની સંબંધિત કોલમમાં જણાવેલ રકમ માટે વેચાણ કરવામાં આવશે.

દેણદાર(રો) /જામીનદારો/ ગિરવેદારો, સિક્યોરિટીઝ, માલિક, બાકી રકમ, સેક્શન ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ મોકલ્યાની તારીખ, કબજા તારીખ, રિઝર્વ કિંમત, બીડમાં વધારો કરવાની રકમ, અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી), નિરીક્ષણનાં તારીખ અને સમય વગેરે નીચે મુજબ છેઃ

| ક્રમ | દેણદાર(રો) /જામીનદારો/ ગિરવેદારોનાં નામ | સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો | મિલકતના માલિક | ૦૩.૦૭.૨૦૨૩ મુજબ બાકી રકમ રૂ. | ડિમાન્ડ નોટિસની તારીખ | કબજાની તારીખ | રિઝર્વ કિંમત (રૂ. લાખમાં) | બીડમાં વધારો કરવાની રકમ | ઈએમડી | નિરીક્ષણનાં તારીખ અને સમય બપોરે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ખામકી ફેશન (દેણદાર), શ્રી મેસારિયા માલદેકુમાર (સહ-દેણદાર/ગિરવેદાર) શ્રી હસમુખભાઈ પરમાર (સહ-દેણદાર), શ્રીમતી લીલાબેન એચ. પરમાર (સહ-દેણદાર) ધિરાણ ખાતા નં. GAS00667N | મોજે નરોડા, અમદાવાદ ખાતે રેવન્યુ સર્વે નં. ૯૪૬/૪ પર આવેલ, પૃથ્વી બિલ્ડર દ્વારા બંધાયેલ વાલકેશ્વર ફ્લોરા નામની સ્કિમમાં દુકાન નં. ૧૦૯, બ્લોક નં. એ, માપણી ૪૯૩ ચો.ફીટ, સુપર બિલ્ટ અપ એરિયા પૂર્વેઃ બ્લોક એ દુકાન નં. ૧૦૮, પશ્ચિમે : ૯ મી. રોડ, ઉત્તરેઃ બ્લોક બી ફ્લેટ નં. ૧૦૫, દક્ષિણેઃ ૩૦ મી. પહોળો રોડ | શ્રી મેસારિયા માલદેકુમાર | રૂ.૨૯,૦૧,૧૬૮.૩૩ (અંકે રૂપિયા ઓગણત્રીસ લાખ એક હજાર એકસો અડસઠ અને પૈસા તેંત્રીસ પૂરા) | ૧૪.૧૦.૨૦૨૧ | ૩૦-૦૪-૨૦૨૩ (ફિઝિકલ) | રૂ.૨૭,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા સત્યાવીસ લાખ પૂરા) | રૂ.૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) | રૂ.૨,૭૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ સિત્તેર હજાર પૂરા) | ૧૩.૦૯.૨૦૨૩ બપોરે ૦૧.૦૦ થી બપોરે ૦૩:૦૦ સુધી |

ખાતા નં.: ૩૪૪૯૦૫૦૦૧૦૮૪, લાભાર્થીનું નામ : ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટ, બેંકનું નામઃ આઇસીઆઇસીઆઇ બેંક, શાખાઃ બાંદ્રા (પૂર્વ) મુંબઈ, આઇએફએસસી કોડઃ ICIC0003449

ઈ-હરાજીની તારીખ અને સમયઃ ૨૨-૦૯-૨૦૨૩ બપોરે ૧૨:૦૦ થી બપોરે ૦૨:૦૦ | ઈ-હરાજીની તારીખ અને સમયઃ ૨૨ભાગ લેવા માટે બીડ લેટર/કેવાયસી દસ્તાવેજ/ઈએમડીનો પુરાવો જમા કરાવવાનાં તારીખ અને સમયઃ તા.૨૦-૦૯.૨૦૨૩ ના રોજ ૦૬:૦૦ સાંજના સુધી

હરાજીની શરતો અને નિયમોઃ વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે મહેરબાની કરીને સિક્યોર્ડ લેણદાર (ઓએઆરપીએલ)ની વેબસાઈટ http://www.omkaraarc.com/auction.php પર અથવા સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટ http://www.bankeauction.com પર આપેલ લિંક જુઓ.

**ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬)ને નિયમ ૯(૧) સાથે વંચાણે લેવા હેઠળ વેચાણ માટે સ્ટેચ્યુટરી નોટિસ**

આ નોટિસ ઉપરના ધિરાણ ખાતાના દેણદાર(રો) માટે ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ને નિયમ ૯(૧) સાથે વંચાણે લેવા અને ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળની ૧૫ (પંદર) દિવસથી ઓછી નહીં એવી મેન્ડેટરી નોટિસ પણ છે જેમાં તેમને ઉપરની તારીખે અને સમયે ઈ-હરાજી દ્વારા હરાજી/વેચાણ રાખવા અંગે જાણ કરવા અને જો એમની ઈચ્છા હોય તો બાકી રહેલી રકમ ૦૪-૦૭-૨૦૨૩થી થતા વ્યાજ સાથે ઉપર જણાવ્યા મુજબ કોસ્ટ અને ખર્ચાઓ સહિત વેચાણના સમાપન અગાઉ કોઈ પણ સમયે ચૂકવી દઈને એસેટ છોડાવવાની સલાહ સાથે છે. એમ કરવામાં નિષ્ફળ જશે તો અધિકૃત અધિકારી/સિક્યોર્ડ લેણદારની સૂઝબૂઝથી મિલકતનું ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૫) મુજબની કોઈ પણ પદ્ધતિથી વેચાણ કરી શકશે.

તા. ૩૧-૦૮-૨૦૨૩
સ્થળઃ અમદાવાદ

સહી/- અધિકૃત અધિકારી, ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ
(ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પોતાની ક્ષમતા મુજબ)